છકેલી વીણા

યાને

મારી વહેલી બાયડી.

રચનાર—લેહેરી.

મુંબઈ.


કાલબાદેવી રોડ પર આવેલા
લેહેરી પ્રીંટીંગ વર્કસમાં છાપ્યું છે.

સને ૧૯૦૦

છેડેલી વીણા

યાને

મારી વંઠેલી બાયડી.



છેડેલી વીણા-સાંભળો તમે ખુશી થયા તો શું થયું પણ એ સ્ત્રીના ભૂતકાળનો વિચાર કરો. મારા જેવી ગુજરાતી સંપૂરણ જ્ઞાન ધરાવનારી અને અંગ્રેજી થર્ડ રીડર-ક્લાસ સુધી શીખેલી વિદ્વાન બાઈને તમે "તું" "તાં" થી બોલાવવી ન જોઈએ માટે હવેથી કોઈ પણ કામ પડે તો મને "તમે" અથવા "આપ" કહીને બોલાવજો. "ખુશી [illegible]."

કુંદનદાસ-પણ તને તો માત્ર ગુજરાતી છ ચોપડીનું જ્ઞાન છે પણ મને તો અંગ્રેજી મેટ્રીક સુધીનું જ્ઞાન છે માટે મારો દરજ્જો તો વિશેષ ગણાય છે.

છબીલી વીણા—આજે સવારના પહોરમાં વાદ વિવાદનું કામ નથી. જલદી ચુલો સળગાવી ચાહ બનાવો. મારે જરા સુધરેલી સ્ત્રી સમાજની ખાનગી કમીટીની બેઠકમાં જવું છે. જરા અંગ્રેજી સભ્યતાનો અભ્યાસ રાખો અને "તને" ને બદલે "તમને" કહેતાં શીખો.

કુંદનદાસ—વારૂં, હવેથી હું અંગ્રેજી રીતે માન આપીશ.

બીચારો કુંદનદાસ રસોડામાં ગયો અને ચુલો સળગાવી ચાહ બનાવી અને જ્યાં પોતાની ધણી-આણી છબીલી વીણા બેઠી હતી તે ઠેકાણે લાવી મુકી

કુંદનદાસ—બોલ્યો " આ ચાહનું કપ મુક્યું છે તે પીલે ઠંડી થઈ જશે."

છકેલી વીણા—(ડોળા ફેરવીને) તમે પણ ખરેખરા બેવકુફ છો જનાવરને પણ એક વખત શીખવેલું ધ્યાનમાં રહે છે. પણ તમારા ધ્યાનમાં નથી રહેતું ઘણીજ અફસોસની વાત છે. જાવ આ કપ મારી જમવાની ટેબલપર મુકો અને જલદીથી શાક ભાજી લઈ આવો અને આજ જરા મારી તબીયત સારી નથી માટે રસોઈ પણ તમેજ કરજો.

કુંદનદાસ—સારૂં, વાહાલી હું રસોઇ કરીશ.

આમ બોલી કુંદનદાસ શાક લેવા જવા માટે કપડા પહેરે છે એટલામાં તો છકેલી વીણા બોલી—" ક્યાં ગયા."

કુંદનદાસ—આ રહ્યો વહાલી શું કહેછે?

છબેલી. (નીચું-જોઈ) ગાળ "તું ગધેડાઓ" તમને તમને આવડું કર્યું હતું "મેં શ્રીમાન" આમાંની પુસ્તક?" જેવા તમારા મુકરરો. આ સાહેબ આવા મોટા કેળવણીવાળા તમોને સાહેબ કહેવાતા નથી આવડતી. કોઈ દિવસ બોલી તો કોઈ દીવસ ગાળ્યું બોલશો તો ઠીક નથી.

કેશવદાસ-શેઠને રોજ. અમારી સાહેબ કેમ ખાસ પાડું.

છબેલી નીચું-જોઈ એટલે વગેરે શું [illegible] પગે ટચતા હશો? તમારામાં તો કાંઈ માલુમ નથી અને [illegible] પોતાની ધણીયાણી પાસે આટલી [illegible] કરતા નથી. જાઓ [illegible] રસો-ઈની તૈયારી કરો.

કેશવદાસ પાછું શાક લઈ આવી [illegible] કરું છું.

આ અરસે કુંદનદાસ શેઠ આવ્યો અને રાંધી પોતાના બાગીચાની એક સુંદર ઇઝીચેરપર સુખ વારતાનું પુસ્તક વાંચતાં હતાં ત્યાં જઇ બોલ્યો.

" વાહાલી રસોઈ તૈયાર છે, માટે જમવાને આવ."

છેલી વીણા—અરે પણ તમે તો જંગલી જનાવર છો હજુ "તું" "તાં" બોલવું ચાલુજ છે.

કુંદનદાસ—પણ પ્રીતીની લાગણીથી બોલું છું તે—

છેલી વીણા—ચુપ વધુ બોલવું નહી. ખબરદાર આયંદી ચુક્યા તો, અરે આટલી બધી નોકરી સુધી ખુણ નાખીને માત્ર રૂપરડી તો વીસ પેદા કરો છો. મારા બાપ તરફની મદદ નહોત તો ખબર પડત કેવરા લાયકી શોભો આવો જાત ભાણું ખાવાને હું આવું છું.

કુંદનદાસ—વારૂં, વાહાલી આ ચાલ્યો.

વીણા જમવા ગઇ અને જમતાં જમતાં બોલી “ કેમ આજે તો દાળ બરાબર ચડવા પણ દીધી નહીં. શું એક દીવસ રસોઇ કરવી પડી માટે આટલી ભૂલ રોજ તમને હું રાંધીને મુકું તે ખાતાં સારૂં લાગે છે ને આજના દીવસમાં આટલી ભૂલ થયું જ શરમ ભરેલું શરમ છે શરમ ? ? ?

બીચારો કુંદનદાસ કંઇપણ બોલ્યા વગર ચુપ ચુપ બેશી રહયો. શું કરે કમનસીબે નારીશીક્ષાએ તેનામાં વાસ કરેલો તેથી લાચાર પણ એનામાં શાબ્દીક વિદ્યાનો થોડો ગુણ હતો ખરો. છેલી વીણા જમી અને આછી સાડી પોલકું પહેરી પગમાં સુંદર કાળી મખમલની સ્લીપર પહેરી હાથમાં બે ત્રણ ચોપડી લઇ બાહાર જવા નિકળી જતી વખતે પોતાના ધણી કુંદનદાસને નોકરની હુકમ ફરમાવી ગઇ, “ સાંભળો છો કે હું જરા મોડી આવીશ માટે સાંજના જરા પુરીને શાક કરી મુકજો.”

કુંદનદાસ—વારૂ, વહેલાં આવજો.

છબીલી વીણાના જવા પછી બીચારો કુંદનદાસ વીચારમાં પડ્યો કે "મારી બાયડી તો વંઠી ચાલી હવે જો હું નરમાશ રાખીશ તો મારે માથે ચડી વાગશે પણ જો બારોબાર કરૂં છું તો એના પૈસાવાળા માબાપ એની વારે ધાશે અને ઉલટું સંસાર સુખને બદલે દુઃખ થશે, ને હું કોડીનો બનીશ માટે એનો ઉપાય કરવો જોઇએ (વીચાર કરીને) હા એક ઉપાય છે તેજ અજમાવી જોઇએ, પણ આજે નોકરી ઉપરથી રજા મેળવવી જોઇએ એનો શું ઇલાજ" એવો વિચાર કરે છે એટલામાં કુંદનદાસનો આફીસનો મીત્ર મી॰ નાનાભાઇ આવી પહોંચ્યો કુંદનદાસ બોલ્યો,

"આવો નાનાભાઇ આજે હું આફીસમાં આવી શકીશ નહીં માટે મેહેરબાની કરી આ ચીઠી લખી આપું તે આપણા હેડ ક્લાર્કને આપજો."

નાનાભાઈ-ઠીક છે, પણ મિત્ર હું એક વધારાની વાત લાવ્યો છું તે તમને પસંદ પડે તો આજે ચાન્સ અજમાવો.

કુંદનદાસ-તેવું શું છે.

નાનાભાઈ-આરામાં કંઈ એટલી પુરી મોજીની નથી ને તમે તો મેનીક ઓ આગ્રસે ફોરેન પામશો. મારા બાપ સેક્રેટરી છે તે ઓફીસમાં એક હેડ કલાર્કની જગા ખાલી પડી છે માટે જો તમારે રહેવું હોય તો મારા બાપે તમોને રખાવવા કબુલ કર્યા છે જો મરજી હોય તો ચાલો.

કુંદનદાસ-પણ મારામાં હજુ હેડ કલાર્કનું સંપુર્ણ જ્ઞાન નથી.

નાનાભાઈ-તેની ફીકર નહી. મારા બાપ તમોને બધી સમજણ પાડશે. કારણ મારા બાપનો મત

તેવો હું કે આપણાં ગામનું મુકામ કોઈ હોય તો સારૂં.

કુંદનદાસ—વારૂ, ત્યારે હું તૈયાર છું.

નાનાભાઈ ગયો કુંદનદાસ ગયો અને સત સોના પગારની જગાએ પોલીસો શેઠીએ નક્કી કરી બીજે દીવસે હાજર થવાનુ કબુલ કરી બપોરના બે વાગે ઘેર આવ્યો. હવે પોતાની વહુની બાયડીને ઠેકાણે કેમ લાવવી તેના વિચાર મા પડ્યો. અને તેણે પોતાની યોજના ઘડી કાઢી

કુંદનદાસે પોતાની મુછના વાળ પોતાના હજામ પાસેથી અસ્ત્રો લઈ કાઢી નાખ્યા અને પછી કપાળે કંકુની સુંદર ટીપકી કરી પોતાના ઓરડાનું બારણું બંધ કરી બહેની બીબાનો પોલકો અને સાડી પહેરી અને તે જ પ્રમાણે ટેબલપર વાંચવા બેસતી તે પ્રમાણે કુંદનદાસ શાંતી

બેઠો. હવે સાંજનો વખત થવા આવ્યો એટલે છબીલી વીણા આવી બારણું ઉઘાડી એની ઘરમાં પેઠી કે સામે પોતાના પતિનું નવું સ્વરૂપ નજરે પડ્યું અને તે જોઈ વિચારમાં પડી અને મનમાં બોલી " કેમ શું કરો છો, કાંઈ વિચારમાં મશગુલ છો."

કુંદનદાસ–સુંદરેલી આ સમાજમાં હું આવતે રવીવારે ભાષણ આપવાનો વિચાર કરું છું અને તેના સેક્રેટરી સાહેબ ઉપર આ એક ચીઠી લખી છે.

છબેલી વીણા–ત્યાં તો ભાષણ આપવાનો મોક્ષ બાઈઓનેજ હક છે.

કુંદનદાસ–ત્યારે હું પણ હવેથી બાઈઓમાં દેખા-ડીશ કેની ?

છબેલી વીણા–અરે તમે કાંઈ ગાંડાં થયા છો કે શું ? આ બાયડીનો વેશ ધારણ કીધો છે કોઈ જોશે તો અપકીર્તિ થશે

કુંદનદાસ—તને અનુભવ તો છે કે બાયડી બનવામાં ઘણું માન છે.

છબેલી વીણા—પણ તમોને આમ કરવાથી શો લાભ ?

કુંદનદાસ—લાભ મોટો એ કે મારે બે કામ સંભાળવા પડે છે. એક તો કમાવું. બીજું નારી તાબેદારીમાં રાખવું અને ગુલામગીરીમાં રહેવું.

છબેલી વીણા—આવો હવે તમારું ડાહાપણ મૂકો અને તમારો મરદનો પોશાક પેહેરો.

કુંદનદાસ—ના, હવે મારે પોશાક નથી બદલવો હવે હું બાયડી બની ચુકયો. હવે તમારે વધુ બોલવાની જરૂર નથી કારણ તમો સ્ત્રી જાતી વીશે જેટલું માન ધરાવો છો તેટલોજ હક આરો છે તે વધુ કેહેશો તો મારા સાસુ સસરાને

શું જઈ કરીશ કે તમારી પુત્રીમેં ખાસ્યાં કરેલી
ચી સતાનું ચિંતવન કરે છે.

છેલી વીઘ્નુ—હું તમોને પગે લાગું છું અને હવે હું પુરેપુરી તમારી તાબેદારી ઉઠાવીશ પણ કૃપા કરી વેશ બદલો

કુંદનદાસ- આપ, આપના સેગંદ આથનું વચન કે હવે કોઇ દીવસ મારા હુકમનો અનાદર નહી કરે અને મારા હુકમ વગર તારા બાપને ત્યાં અગર બીજી કોઇ જગાએ નહીં જાય.

છેલી વીઘ્નુ—હા, અહું કબુલ પણ મારા બાપને ત્યાં નહીં જાઉં તો મને દર વખતે પૈસેરનો દગીના તથા તમોને જે માસીક રૂપીયા ત્રીસની મદદ મળે છે તે નહીં મળે તો તમે ફસાશો.

કુંદનદાસ—નહી મળે તો કંઇ ફીકર નહીં ઇશ્વર મને સોકુળ છે. દાગીના જોઇશે તો ઘરમાં અરથ

ઓછો રાખ્યા પગારમાંથી નાખું બચાવી અને ત્રણ ત્રણ મહીને ડાક્ટરસાહેબની ઉપર દેવજી નાલજી મોકલીને ત્યાંથી તને નવી નવી તરાહના દાગીના આપીશ.

છોટી બીબી—પણ તમારો પગાર તો બહુજ ઓછો છે તેમાં ખરચ શો ? શું ને બચાવશો શું ?

કુંજ બિ.—ઈશ્વરની ગતી જોર છે મને આજની ડાકમાં મેસર્સ પી. સી. રોયની કંપનીમાં હેડ ક્લાર્કની જગા મળી છે અને તેની સાથે મારે આજે [illegible] થઈ છે અને [illegible] રૂપીયા પોણા- [illegible] પગાર મળશે અને ત્રણ માસ પછી રૂપીયા પચીસનું પ્રમોશન મળશે.

છોટી બીબી—તમે ચાકરીની તજવીજ ક્યારે કરી અને ક્યારે તમે આ વેશ કર્યો તે કાંઈ [illegible] પડી.

કુંદનદાસ—પહેલાં તો તારી આકરી કેવી રીતના કારસામાં કરવી તેના વીચામાં હતો તેટલામાં તો મારા પેટની ચાકરી પણ મળી છે "પુરૂષના કરમ આડું પાંદડું." એ કેહેવત ખરી પડીને મારૂં નશીબ ખુલ્યું.

છબીલી વીણા—મારે શું એ નથી છે.

કુંદનદાસ—અરે નાદાન આ મશ્કરી સમજે છે! હજુ તારો ગર્વ નથી ઉતર્યો!

છબીલી વીણા—નાહવે મને માફ કરો તમે સાચુંજ બોલતા હશો મારી ખાત્રી છે.

કુંદનદાસ—માફ કરવું સહેલ નથી તો, હજુ તો મારે મારા સસરાજીને મળવાનો વિચાર છે.

છબીલી વીણા—અરે હાય! હજુ પણ મારા ઉપર રહી રહીને વચન રૂપી બાણ મારો છો!!! મારા બાપ સુધી આ વાત ન જવા દેશો.

કુંદનદાસ-તું આટલું બધું બોલેછ પણ મને વીશ્વાસ આવતો નથી કે તું મારો સંસાર નીભાવશે.

છબીલી વીણા—તમે કહેશો તો તમારા પગ ધોઈ પીશ પણ મને માફ કરો.

કુંદનદાસ-જો આજથી મારી મરજી પ્રમાણે રહેવું પડશે મારી મરજી હશે તો દળવું દળાવીશ નહીં તો તારે દળવું પડશે બાઈ ચાકર નહીં રાખું. બુટસ્લીપર નહીં પેહેરવા દઉં. મારા ઘરમાં ગરીબાઈથી રહેવું પડશે કબુલ છે ?

છબીલી વીણા-બસ તમારી આજથી હું ગુલામ છું ને બહુજ કરકસરથી હું ઘર સંસાર ચલાવીશ પણ હવે તમો વેશ બદલો તો ઠીક.

કુંદનદાસ-ઠીક હવે તું ડાહી, હું વેશ બદલું છું અને યાદ રાખજે કે તું આડી ચાલ ચાલશે તો આનાથી સવાયો ફારસ કરીશ.

છેલ્લી વીણા—હવે કોઈ દીવસ નહીં કરું.


વાંચનાર છેલ્લી વીણાને જોશે ડાહી વીણા બની છે ને સાસરે રહ્યા કરશે એ સાચું છે. કુટુંબને આશ્ચર્ય થશે કે વીણાનો પ્રકાર જાણે કે આ વીણાનાં આગમન કુટુંબમાં અનુકૂળ સાથ આવે છે તથા કાળજીએ ઉપર એક ... ઉપકારને પણ ... ... સાચી ... ... ઈશ્વર એ ... પૂરી ... આશા ...

સમસ.

બૈરાંઓ માટે ખાસ ! ! !

શુદ્ધ વનસ્પતીની બનાવેલી.

ચંદ્રબાળા ગુટીકા.



આ ગોળીઓનો ઉપયોગ કરવાથી સ્ત્રીઓના શરીરમાંથી પ્રદર (સુપણી) થી ઉત્પન થતાં દરદો જેવાં કે હાથ પગનું તુટવું, શકતીહીન થવું, ચકરી આવવી, મુરછા આવવી, વખતો વખત પાણી પીવાની મરજી થવી, દાહ (બળતર) થવી વગેરે દરદોનો જડ મુળથી નાશ થાય છે. એ દવા લાલ, સફેદ તેમજ પીળા રંગની સુપણી (પ્રદર) તેમાં કોઈપણ જાતની હોય તે ઉપર ચાલે છે ફક્ત એકજ શીશી વાપરવાથી ફાયદો ન થાય તો પૈસા પાછા.

કીંમત ગોળી ૪૮ ની શીશીના બાર આના.

મળવાનું ઠેકાણું—લેહેરી પ્રીંટીંગ વર્કસ,

કાલબાદેવી—મુંબઈ.